Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

60 YEARS CELEBRATION
SINCE 1965
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY SURAT

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 15, Issue. 267, November 2024

**પ્રિય વાચક મિત્રો,**

दीपज्योतिः परब्रम, दीपज्योतिर्न जनार्दनः ।
दीपो हरतु मे पापं, दीपज्योतिर्नमोऽस्तुते ॥

દીપની જ્યોતિ પરબ્રહ્મ છે, તે ભગવાન જનાર્દન છે,
તે મારા પાપોને દુર કરે, તે જ્યોતિને નમન .

તમસથી જ્યોતિ તરફ સૌને પોતાના અંતરમાં લેવાની ઉદારતા માત્ર પ્રકાશની પાસે છે. ઉપનિષદકારની વાણીમાં પ્રકાશને મંત્ર તરીકે લેવામાં આવે છે અને તે પોતાના જ સ્વરૂપ સત્ય તથા અમરત્વ તરફ વહન કરવાનું શરૂ કરે છે. ''અસતો મા સદગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મામૃતં ગમય.'' ભારતીય સંસ્કૃતિની આ અસ્મિતા છે. આ જ અસ્મિતાને કારણે ભારતમાં અંધકારની સામે ઝઝૂમવાનો ઉત્સાહ અનેરો છે. અંધકાર સામે લડીને તેને પરાજિત કરવાનો આ ઉમંગનો અંત ક્યારેય થતો નથી. રાતને પણ વિભાવરીના રૂપમાં, તારાઓથી ભરપૂર દીપ્તિ– મય રાતના રૂપમાં જોવાની આપણને ટેવ છે. દીવાળીની અમાસની રાત પણ ધરતી પર દીપ – તારોઓની સૃષ્ટિનું સર્જન કરે છે અને પછી ધરતીની આ તારક ગંગાનો સંવાદ પ્રકાશની ભાષામાં આકાશગંગાની સાથે થાય છે.

દિવાળી આપણી સાંસ્કૃતિક પરંપરા દર્શાવતો પર્વ છે, જેને ભગવાન રામે લંકાના વિજય પછી અયોધ્યા આગમનથી લઈને, ભગવાન બુદ્ધ, મહાવીર અને ગુરુનાનક સુધીની યાદો જોડાયેલી છે. અનેક કથાઓ સામેલ છે ધર્મના પુનઃસ્થાપન અને સત્યના અસત્ય પર વિજયનું પ્રતિક છે. દિવાળી આપણને સદ્ગુણો અપનાવવા, નૈતિક મૂલ્યોનું પાલન કરવા અને જીવનમાં શિસ્ત અને સત્યનિષ્ઠાને મહત્વ આપવાની પ્રેરણા આપે છે.

ઐતિહાસિક રીતે જોવા જઈએ તો આ સૌથી જૂનો ઉત્સવ છે. બૌદ્ધ ગ્રંથોના ઉલ્લેખોથી ખબર પડે છે કે, દિવાળી લગભગ ત્રણ હજાર વર્ષ પહેલાંથી ઉજવવામાં આવે છે. શરૂઆતમાં તેને યક્ષરાત્રિના રૂપે ઓળખવામાં આવતી હતી. યક્ષ સમૃદ્ધ અને ધનવાન હતા. તેઓ નાગ અને ગંધર્વોના ભાંતિ દેવ રૂપમાં પણ માનવામાં આવતા હતા અને પછીના કાળમાં પૂજા થવા લાગી. યક્ષ સમૃદ્ધ હતા આથી આ પર્વ ઉલ્લાસથી ઉજવવામાં આવતો હતો અને આ જ કારણે સમૃદ્ધિ સાથે આ પર્વની ચેતના જોડાયેલી છે .

દિવાળી અંધકારમાંથી પ્રકાશ ફેલાવતું પર્વ છે. દિવાળીમાં માત્ર ઉપર – છલ્લી રીતે દીવા પ્રગટાવવામાં આવતા નથી, પરંતુ આ એક આંતરિક અનુષ્ઠાન છે. પોતાની જાતને જાગૃત કરવાની છે. પોતાની આત્માનો દીપ પ્રગટાવવાનો છે. આપણે જો આપણી અંદર દીવો નહી પ્રગટાવીએ તો આપણે બસ માટીના નિષ્પ્રાણ શરીર જેવા બનીને રહી જઈશું. જિજીવિષાની વાટ પ્રજ્વલિત થાય તો આપણું શરીર તથા મન કાર્યશીલ રહે છે. રોજ નવી ઊંચાઈઓને સ્પર્શતું આ વિશ્વ, પ્રજ્વલિત દીવડાઓનો સંસાર છે દિવડાઓ પ્રગટાવવા એ અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ જવાની દિશા બતાવે છે. દિવાળી એ અવિદ્યાના અને મોહના (ભ્રમ) અંધકારને દૂર કરીને પ્રકાશ (જ્ઞાન) પ્રગટાવવાનો તહેવાર છે. ઘરોમાં દીવડા પ્રગટાવવાનું કારણ માત્ર પ્રકાશ માટે નથી, પરંતુ તે આંતરિક પ્રકાશ અને આત્મજ્ઞાનને પ્રગટાવવા માટેનું પ્રતીક છે. દિવાળી એ અહંકાર, નકારાત્મકતા અને અંધશ્રદ્ધાને દૂર કરવા અને જ્ઞાન તથા સદગુણોને સ્વીકારવાની પ્રેરણા આપે છે.

મહાલક્ષ્મી આ સૃષ્ટિના આદ્યાશક્તિ છે. તે લક્ષ્ય અને અલક્ષ્ય એમ બંને રૂપે છે. આદ્યા, આદિશક્તિ સૃષ્ટિના મૂળમાં છે અને તેમાંથી અલગ – અલગ શક્તિઓ જન્મી છે. તે તામસી, રાજસી અને સાત્વિક એમ ત્રણ રૂપે છે. તેમાં રાજસી અને સાત્વિક સ્વરૂપને મુખ્ય પૂજાય છે, જેમાં શ્રી, મહાલક્ષ્મી, ભારતી, વાક અને સરસ્વતી રૂપે છે. દિવાળી માતા લક્ષ્મીની પૂજા માટે પણ જાણીતી છે, જે સૌભાગ્ય અને સમૃદ્ધિની દેવી છે. પણ આધ્યાત્મિક દ્રષ્ટિએ સાચી સમૃદ્ધિ માત્ર ભૌતિક સંપત્તિમાં નહીં, પણ આંતરિક શાંતિ, સંતોષ અને જ્ઞાનમાં રહેલી છે. લક્ષ્મી પૂજાનું મૂલ્ય માત્ર ધનલાભ માટે નહીં, પણ સદાચાર, નિષ્કલંકતા અને સેવાભાવથી સમૃદ્ધ જીવન જીવવા માટે છે.

દિવાળી હિંદુ નૂતન વર્ષનો પ્રારંભ સૂચવે છે, પણ તે આધ્યાત્મિક રીતે પણ એક નવા પ્રારંભનું પ્રતીક છે, આત્મમંથન, ભૂતકાળના દુઃખ અને ગૃહણોને છોડવી, અને સકારાત્મકતા, દયાભાવ અને ક્ષમાશીલતાને અપનાવવી એ દિવાળીની સાચી ભેટ છે.

દિવાળી માત્ર ઉજવણી અને આનંદનો તહેવાર નથી, પરંતુ તેના પાયામાં ગાઢ આધ્યાત્મિક અને સંસ્કૃતિક પરંપરાઓ રહેલી છે. આજના સમયમાં જ્યારે દિવાળી માત્ર ભૌતિક સમૃદ્ધિ સાથે જોડાઈ રહી છે, ત્યારે તેની મૂળભૂત આધ્યાત્મિકતા અને સંસ્કૃતિક મહત્વને ફરીથી સમજવું જરૂરી છે. દિવાળી વિચારશુદ્ધિ, આધ્યાત્મિક જાગૃતિ અને સદગુણોના વિકાસ માટેનો અવસર છે. દિવાળી અંધકારથી પ્રકાશ, અજ્ઞાનથી જ્ઞાન અને અધર્મથી ધર્મ તરફના અંતર્ગત મુસાફરીનું પ્રતીક છે.

**સૌને દિવાળીના પાવન પર્વની શૂભકામનોઓ.......**

**તા. ૧ ડિસેમ્બર, ૨૦૨૪** **(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને ગુજરાત માટે ગૌરવમય ક્ષણ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની સંલગ્ન કૉલેજ શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટસ અને કોમર્સ કૉલેજ, વ્યારાનો વિદ્યાર્થી શ્રીમોરડીયા સ્મિત રમેશભાઈ વર્લ્ડ વિશ્વવિદ્યાલય શુટીંગ ચેમ્પીયનશીપ–૨૦૨૪માં ભાગ લેવા માટે દિનાંક ૯ થી ૧૩ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન માનવ રચના ઇન્ટરનેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ અને સ્ટડીઝ, ફરીદાબાદ (ન્યુ દિલ્હી) મુકામે ગયેલ હતા. સ્મિતે ૧૦ મીટર એર રાઈફલની ટીમ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ તેમજ વ્યક્તિગત ઇવેન્ટમાં સિલ્વર મેડલ મેળવેલ છે. આપણી વિશ્વવિદ્યાલયનું નામ વિશ્વસ્તરે રોશન કરવા બદલ તેમજ વિશ્વવિદ્યાલયનું પ્રતિનિધિત્વ કરવા બદલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગનાં ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તથા સમસ્ત શારીરિક શિક્ષણ પરિવાર અને વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. કોચ તરીકે શ્રી સાગર ઉખેર અને કુ. બિનલ પટેલે સ્મિતની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.







### રસાયણશાસ્ત્ર વિભાગની પીએચ.ડી ની વિદ્યાર્થીની અનુ અભિષેક ચૌધરીને અબુ ધાબીમાં નેનો ૨૦૨૪ પરિષદમાં સન્માનિત થયા




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. કિશોરસિંહ એચ. ચીખલીયાના માર્ગદર્શન હેઠળની પીએચડી વિદ્યાર્થીની અન્નુ અભિષેક ચૌધરીને ખલીફા વિશ્વવિદ્યાલય, અબુ ધાબીમાં યોજાયેલી ૧૭મી આંતરરાષ્ટ્રીય પરિષદ નેનોસ્ટ્રક્ચર્ડ મટિરિયલ્સ (નેનો ૨૦૨૪)માં તેમના પ્રસ્તુતિ માટે પ્રશંસા પ્રમાણપત્ર મળ્યું છે. કેન્સર ઉપચાર માટેના નેનોસ્ટ્રક્ચર્ડ મટિરિયલ્સ અને બાયોએક્ટિવ સંયોજનો પરના તેમના કાર્યને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રોતાઓ દ્વારા સારી રીતે પ્રશંસા મળી હતી. જેમાં ઑન્કોલોજીમાં નવીનતાકારક સંશોધન પ્રત્યે તેમનો સમર્પણ ઝળકી ઉઠ્યું હતું. નેનો ૨૦૨૪ એ નેનોટેકનોલોજીમાં વૈશ્વિક વૈજ્ઞાનિક વિનિમય માટે એક મંચ પ્રદાન કર્યું. જ્યાં વિશ્વભરના સંશોધકોએ પ્રગતિઓ રજૂ કરી અને સહકારને પ્રોત્સાહન આપ્યું. જે બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા તેઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના એસ.ટી. સેલ અને સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝના સંયુક્ત ઉપક્રમેતા. ૧૪/૧૧/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતી નિમિત્તે 'રાષ્ટ્રીય જનજાતિ ગૌરવ દિવસ'ની ઉજવણી અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, વિશ્વવિદ્યાલય એસ.ટી. વિદ્યાર્થીઓના નોડલ અધિકારી ડૉ. દિપક ભોયે, સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝના નોડલ અધિકારી ડૉ. મનિષ પટેલ, સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝના સંયોજક શ્રી ગૌતમ આર. ગામિત, વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગના પ્રાધ્યાપકો, વહીવટી અધિકારીઓ તથા વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી. ડૉ. દિપક ભોયે દ્વારા જનજાતિ નાયક ભગવાન બિરસા મુંડાના જીવન અને સંઘર્ષ વિશે માહિતી આપવામાં આવી.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા પ્રસંગોચિત ઉદબોધન ઉપરાંત ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે જનજાતિ ગૌરવ દિવસની શુભકામનાઓ પાઠવવા સાથે જનજાતિ સમુદાયના વીરો વિશે વિદ્યાર્થીઓ અને સમાજને માહિતગાર કરવા વિશ્વવિદ્યાલય પરિસર તેમજ સંલગ્ન કૉલેજો ખાતે કાર્યક્રમો આયોજિત કરવા જણાવ્યું હતું. જે અંતર્ગત વિશ્વવિદ્યાલય દ્વારા ૧૪ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કરવા વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે. તેમજ આગામી વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવમાં કળશયાત્રામાં ભગવાન બિરસા મુંડા અને રાણી દુર્ગાવતી તેમજ અન્ય જનજાતિ વીરોની થીમ પર આયોજન કરવામાં આવશે. જે માહિતી આપવા સાથે વિશ્વવિદ્યાલયના સ્નાતક/અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ/પ્રાધ્યાપકશ્રીઓને જનજાતિ વીરોના જીવન અને જનજાતિ પરંપરાઓ વિષયે રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય સેમિનાર યોજી રિસર્ચ પ્રવૃત્તિ કરવા સૂચન કર્યું હતું. કાર્યક્રમના અંતે શ્રી ગૌતમ આર. ગામિત દ્વારા જનજાતિ સમાજના વીરો વિશે ટૂંકમાં માહિતી આપી આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝના નોડલ અધિકારી ડૉ. મનિષ પટેલ દ્વારા કરવામાં આવેલ હતું.













## સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ ઓનલાઈન કરવા અંગે તાલીમ કાર્યક્રમનું આયોજન






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની સ્વનિર્ભર કૉલેજની શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૫–૨૬ની જોડાણ અરજી સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની સ્થળ તપાસ બાદ સમિતિની ભલામણ અવલોકનો અને શરતો સાથે ઓનલાઈન જમા કરાવવા સારું વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજના આચાર્યશ્રીઓ, વિશ્વવિદ્યાલય વિભાગના

વડાશ્રીઓ અને સ્થાનિક તપાસ સમિતિ પર નિયુક્ત સભ્યશ્રીઓને માર્ગદર્શન આપવા માટે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડાના પ્રમુખસ્થાને સભાનું આયોજન તા. ૧૮/૧૧/૨૦૨૪ના રોજ કમ્પ્યુટર સાયન્સ વિભાગ ખાતે કરવામાં આવ્યું હતુ. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા તેમના પ્રેરક ઉદબોધનમાં ઓનલાઈન અહેવાલ સબમિટ કરવાના લાભાલાભ જણાવવામાં આવ્યા હતા. કમ્પ્યુટર સાયન્સ વિભાગના પ્રોફેસર, વડાશ્રી અને IQAC ડાયરેકટરશ્રી ડૉ. અપૂર્વ દેસાઈ દ્વારા સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ ઓનલાઈન કરવા અંગે વિસ્તૃત માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવી હતી. કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા સભામાં હાજર રહેલ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ઓનલાઈન ૨૦૦ જેટલા અને ઓફલાઈન ૯૦ જેટલા સભ્યશ્રીઓ ઉપસ્થિત રહીને માર્ગદર્શન અને તાલીમ મેળવેલ હતી.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને ગુજરાત માટે ગૌરવમય ક્ષણ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની સંલગ્ન કૉલેજ શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટસ અને કોમર્સ કૉલેજ વ્યારાનો વિદ્યાર્થી શ્રી. મોરડીયા સ્મિત રમેશભાઈ વર્લ્ડ વિશ્વવિદ્યાલય શુટીંગ ચેમ્પીયનશીપ–૨૦૨૪માં ભાગ લેવા માટે દિનાંક ૯ થી ૧૩ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન માનવ રચના ઇન્ટરનેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ રીસર્ચ અને સ્ટડીઝ, ફરીદાબાદ (ન્યુ દિલ્હી) મુકામે ગયેલ હતા. સ્મિતે ૧૦ મીટર એર રાઈફલની ટીમ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ તેમજ વ્યક્તિગત ઇવેન્ટમાં સિલ્વર મેડલ મેળવેલ છે. આ સિદ્ધિ તેમના મહેનત અને કૌશલ્યનો પ્રતિબિંબ છે. આ સફળતાએ રમતવિશ્વમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તથા સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું છે. વિશ્વવિદ્યાલય દ્વારા સ્મિતની આ સિદ્ધિ બદલ શુભેચ્છા સમારંભ દિનાંક ૧૮/૧૧/૨૦૨૪નાં રોજ કુલપતિશ્રીની કાર્યાલય ખાતે રાખવામાં આવ્યો હતો. આ સમારંભમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીની ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગનાં ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, પ્રિ. ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયા, સ્મિતનાં માતા–પિતા અને કોચ બિનલ પટેલ હાજર રહ્યા હતા. વિશ્વવિદ્યાલયનું નામ વિશ્વસ્તરે રોશન કરવા બદલ સ્મિતને પુસ્તક અને ખેસ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## ફરજીયાત હેલ્મેટ પહેરવા અંગે ઝુંબેશ







ગુજરાત પોલીસના તા.૧૮/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંક: ૧૮૬/STB/RB/F.NO./ટ્રાફિક નિયમ–અમલવારી/હેલ્મેટ/૧૦૫૮/૨૦૨૪થી દ્વિ–ચકી વાહનનો ઉપયોગ કરતા અધિકારીઓ, કર્મચારી સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે હેલ્મેટ પહેરવા અંગે જરૂરી સુચના ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ છે. આ સૂચનાને અમલમાં લઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા વિશ્વવિદ્યાલયના મુખ્ય ગેટ પર હેલ્મેટ ઝુંબેશ શરુ કરવામાં આવી હતી. આ ઝુંબેશમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી તથા સુરક્ષા અધિકારીશ્રી મેહુલભાઈ મોદી દ્વારા હેલ્મેટની આવશ્યકતાઓ સમજાવવામાં આવી હતી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના તમામ અધિકારીઓ/કર્મચારીઓ/સ્ટાફ અને વિદ્યાર્થીઓને ફરજીયાત હેલ્મેટ પહેરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## 'Role of IPR and Innovation in Economics Development in the Perspective of Bharat@2047' વિષય પર એક દિવસીય સેમિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં 'Role of IPR and Innovation in Economics Development in the Perspective of Bharat@2047' વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇન્ક્યુબેશન સેલ અને ઇન્સ્ટીટ્યુશન ઇનોવેશન કાઉન્સિલ દ્વારા તા. ૨૫/૧૧/૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હૉલ ખાતે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ IPR અને નવીનતાના ફાયદા અંગે જનજાગૃતિ વધારવાનો હતો. કાર્યક્રમમાં આ સેમિનારમાં વિશ્વવિદ્યાલયનાં અધ્યાપકો, તમામ વિભાગોનાં વિદ્યાર્થીઓ, Ph.D. વિદ્યાર્થીઓ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજનાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપપ્રાગટ્યથી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ડૉ.ધનપતરામ અગ્રવાલ હાજર રહ્યા હતા. તેઓ એક પ્રખ્યાત ચાર્ટડ એકાઉન્ટન્ટ છે અને ICAIના સભ્ય છે. ડૉ. અગ્રવાલ આંતરરાષ્ટ્રીય વેપાર અને બૌદ્ધિક સંપત્તિ સંશોધનમાં સક્રિય રીતે સંકળાયેલા છે અને શૈક્ષણિક સાહિત્યમાં વ્યાપકપણે યોગદાન આપ્યું છે. તેઓએ બૌદ્ધિક સંપત્તિ (IP) અને બૌદ્ધિક સંપત્તિ અધિકારો (IPR)ની વ્યાખ્યાઓ રજૂ કરી હતી. તેઓએ વધુમાં બૌદ્ધિક સંપત્તિ અધિકારોનાં (IPRs) વિવિધ પ્રકારો જેવા કે પેટન્ટ (નવી અને અસાધારણ શોધો માટે), કૉપીરાઈટ (લેખન અને કલાકૃતિઓ માટે), વેપાર/સેવા ચિહ્નો (માલ અને સેવાઓની ઓળખ માટે), ઔદ્યોગિક ડિઝાઈન્સ (આકર્ષક ડિઝાઈન માટે), ઇન્ટિગ્રેટેડ સર્કિટ (લેઆઉટ ડિઝાઈન માટે), ભૂગોળીય સંકેતો (ભૂગોળીય મૂળ માટે), વેપાર મૌલિકતાઓ (ગુપ્ત માહિત માટે)વિશે માહિતી આપી હતી.

વિશ્વની વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખતા, આ સંમેલનમાં દર્શાવવામાં આવ્યું કે, કઈ રીતે IPR આધારિત ઉદ્યોગો અને ટેકનોલોજીઓએ વૈશ્વિક આર્થિક વૃદ્ધિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. નોંધનીય છે કે, ૨૦૨૨ અને ૨૦૨૩માં પેટન્ટ, અરજીઓમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે, જેમાં ભારતને ખાસ નોંધવામાં આવ્યુ છે. ભારતીય અરજીઓમાં ૧૫.૭%નો વધારો નોંધાયો છે. વિદ્યાર્થીઓ અને યુવાનોને આ કાર્યક્રમમાં વિશેષ સ્થાન અપાયું. જ્યાં તેમને નવીનતાના ક્ષેત્રમાં પોતાની આગેવાની વધારવા માટે પ્રેરણા મળી. આ સેમિનારના વિદ્યાર્થીઓએ IPR અને નવીનતા વિશે વધુ માહિતી મેળવવા માટે માર્ગદર્શન મેળવ્યું, જે તેમના ભવિષ્યના વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કાર્યક્રમનાં અંતમાં વિદ્યાર્થીઓને IPR વિશે થતી મૂંઝવણ દૂર થાય તે માટે ડૉ. ધનપત રામ અગ્રવાલ સાથે ચર્ચા કરીને વધુ સ્પષ્ટતા મેળવવાની તક પણ આપવામાં આવી હતી.












## શપથ અને પદયાત્રા કાર્યક્રમ










રાષ્ટ્રીય સેવાયોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા ૭૫માં બંધારણ દિવસની ઉજવણીના ભાગરૂપે વિશ્વવિદ્યાલય કેમ્પસ ખાતે 'શપથ અને પદયાત્રા કાર્યક્રમ'નું આયોજન તા. ૨૬/૧૧/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, NSSના કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર, પરીક્ષા વિભાગના નાયબ કુલસચિવ ડૉ. નરેન્દ્ર પટેલ અને હિન્દુ અધ્યયન કેન્દ્રનાં સંયોજક શ્રી બાલાજી રાજે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં હાજર સૌએ બંધારણના સૂત્રોચ્ચાર સાથે કેમ્પસમાં પદયાત્રા કરી હતી અને ત્યારબાદ તમામ લોકોએ બંધારણની શપથ લીધી હતી. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન, વ્યવસ્થા અને સંચાલન NSSના પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર અને યુ.ક. અને શા.શિ.વિભાગના OSD ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

## 'વિશ્વવિદ્યાલય કક્ષાની ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધા'






સ્ટુડન્ટસ ફોર ડેવલપમેન્ટ દ્વારા '3rd National Environment Youth Parliament: 2025'નું આયોજન જાન્યુઆરી મહિનામાં જયપુર, રાજસ્થાન ખાતે થનાર છે જેમાં યુવાનો પોતાના વિચારો રજૂ કરશે. આથી, યુવાનોને પોતાના વિચારો રજૂ કરવાનો મોકો મળે તે માટે દિનાંક ૨૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ઓનલાઈનના માધ્યમથી રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત દ્વારા National Environment Youth Parliament:2025 અંતર્ગત 'Save Environment, Save Future' વિષય પર ઓનલાઈન વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં અધ્યક્ષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. તન્વીબેન તમાકુવાલા તથા રસાયણશાસ્ત્ર વિભાગના સહાયક પ્રોફેસરશ્રી ડૉ. પરેશભાઈ પારેખ હાજર રહ્યા હતા. સ્પર્ધાની શરૂઆતમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને એન.એસ.એસ.ના કૉ–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા વિદ્યાર્થીઓને સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત સંલગ્ન જુદી જુદી કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૧૦ વિદ્યાર્થીઓનું સિલેકશન કરવામાં આવ્યું છે. જેઓ રાજ્ય કક્ષાએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતનું પ્રતિનિધિત્વ કરશે. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન વ્યવસ્થા અને સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર અને યુવક અને શારીરિક શિક્ષણ વિભાગના OSD ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

## હેલ્મેટ ઝુંબેશમાં સુરક્ષા સાથે સંસ્કારોનું સમન્વય

ગુજરાત પોલીસના તા. ૧૮/૧૧/૨૦૨૪ પત્ર ક્રમાંકઃ ૧૮૬/STB/RB/F.NO./ટ્રાફિક નિયમ–અમલવારી/હેલ્મેટ/૧૦૫૮/૨૦૨૪થી દ્વિ–ચકી વાહનનો ઉપયોગ કરતા અધિકારીઓ/કર્મચારીઓ/સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે હેલ્મેટ પહેરવા અંગે જરૂરી સુચના ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવી હતી. આ સૂચનાને અમલમાં લઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા વિશ્વવિદ્યાલયના મુખ્ય ગેટ પર હેલ્મેટ ઝુંબેશ શરુ કરવામાં આવી હતી. વિશ્વવિદ્યાલય દ્વારા શરૂ કરવામાં આવેલી આ હેલ્મેટ ઝુંબેશમાં એક નવો પરિણામ ઉમેરવામાં આવ્યો હતો. જેમાં તા. ૨૬/૧૧/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, ડેપ્યુટી રજીસ્ટ્રારશ્રી એન.આર.પટેલ, NSS કૉ–ઓર્ડિનેટરશ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, સેન્ટર ફોર હિંદુ સ્ટડીઝના કૉ–ઓર્ડિનેટર શ્રી બાલાજી રાજે તથા સુરક્ષા અધિકારીશ્રી મેહુલભાઈ મોદી દ્વારા હેલ્મેટ પહેરીને આવનાર તમામ અધિકારીઓ/કર્મચારીઓ/સ્ટાફ અને વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતા આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તથા અકસ્માતની થીમ બનાવીને લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.













## પ્રિ. રિપબ્લિક ડે પરેડ કેમ્પ-૨૦૨૪




NSS યુનિટ ધરાવતી કૉલેજોમાંથી ૦૩ સ્વયંસેવિકાઓ અને ૦૧ સ્વયંસેવકે કવિયત્રી બહીનાબાઈ ચૌધરી ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, જલગાવ, મહારાષ્ટ્ર ખાતે તા. ૧૨ થી ૨૧ નવેમ્બર, ૨૦૨૪ સુધી આયોજિત NSS પ્રિ. આર.ડી.પરેડ કેમ્પ-૨૦૨૪માં ભાગ લીધો હતો. ભાગલેનાર સ્વયંસેવકોને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવી અને NSSના કૉ-ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્રએ શુભેચ્છાઓ પાઠવી તેમજ આ સ્વયંસેવકોમાંથી વધુમાં વધુ સ્વયંસેવકો કર્તવ્ય પથ પર આયોજિત થનાર રાષ્ટ્રીય પરેડમાં ભાગ લે તે બદલ શુભકામનાઓ આપી હતી.

## ફાઈન આર્ટસ વિભાગની વિદ્યાર્થીનીએ પોતાના લગ્નના દિવસે પરીક્ષા આપી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ફાઈન આર્ટસ વિભાગના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની તમન્ના ચૌધરીના તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૪ના રોજ પોતાના લગ્ન હોવા છતાં પણ તેમણે લગ્નની વિધીઓમાંથી સમય કાઢી વિદ્યાભ્યાસને મહત્વ આપીને પરીક્ષા આપવા હાજર રહી હતી જે ગૌરવપૂર્ણ વાત છે. 'વિદ્યા જીવનમ જ્યોતી', જ્ઞાન જીવનનો પ્રકાશ છે અને શિક્ષિત નારી વરદાન સમાન છે. જે સમાજમાં સૌભાગ્ય લાવે છે. આમ તમન્ના ચૌધરીએ ઉમદૂ ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે. જે અન્ય હજારો વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહન આપતું ઉદાહરણ બન્યું છે. જે માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી અને ફાઈન આર્ટ્સ ડિપાર્ટમેન્ટના કૉ-ઓર્ડિનેટરશ્રી અંકિતકુમાર એમ. ચાંગાવાલાએ આ કુમારીકાઓને શુભેચ્છા પાઠવી હતી.

## પીએચ.ડી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના Business and Industrial Management (DBIM) વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસરશ્રી ડૉ. નમ્રતા ખત્રીના માર્ગદર્શન હેઠળ 'A Study of Financial Inclsion of BPL Families in Surat District'ના શીર્ષક હેઠળ શ્રી જયદીપસિંહ દેસાઈ દ્વારા મહાશોધ નિબંધની રજૂઆત કરવામાં આવી હતી. જેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયએ માન્ય રાખી તેમને મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેઓએ આ વિષયમાં ફાયનાન્સિયલ લીટરસી કઈ રીતે ફાયનાન્સિયલ ઈન્કલુંઝનને ઈન્ફલુએન્સ કરે છે જે BPL પરિવારના સોશ્યલ અને ઈકોનોમિક કંડીશન ડેવલોપમેન્ટ માટે રોલ પ્લે કરે છે. BPL ફેમિલીમાં, બેન્કિંગ પ્રોડક્ટ અને સર્વિસીસની જાગૃતિ વધારીને તેઓને ફોર્મલ ફાયનાન્સિયલ સિસ્ટમમાં સમાવેશ કરી શકાય છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા વિશ્વવિદ્યાલય પરિવાર તેઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

## Department of Biotechnology

### ૧૫ દિવસીય GSBTM પ્રાયોજિત ઈન્ટેન્સિવ ક્રેશ કોર્સ ઉદ્ઘાટન અને દિશાનિર્દેશ સત્ર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા IIT-JAM, GAT-B, CUET અને અન્ય રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરિક્ષાઓ માટે ૧૫ દિવસીય GSBTM પ્રાયોજિત ઈન્ટેન્સિવ ક્રેશ કોર્સનું તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૨૪ના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જે અગાઉના વર્ષમાં તેની પ્રથમ આવૃત્તિની સફળ પૂર્ણતાને અનુસરે છે.

કાર્યક્રમની શરૂઆત ડૉ. ગૌરવ શાહ, બાયોટેકનોલોજી વિભાગના વડા અને UG-CBCના અધ્યક્ષ દ્વારા દિશાનિર્દેશ સત્રથી થઈ હતી, જેમાં તેમણે કોર્સના ઉદ્દેશો અને શેડયૂલની માહિતી આપીને ભાગ લેનાર વિદ્યાર્થીઓને સક્રિયપણે જોડાવા પ્રોત્સાહિત કર્યા. ત્યારબાદ વિશ્વવિદ્યાલયની ગીત, પ્રાર્થના અને દીપ પ્રજ્વલન વિધી કરવામાં આવી.

ડૉ. રેખા ગઢવી, UG-CBCની સંયોજક, UG-CBCનો પરિચય આપ્યો અને તેની મૂલ્યવાન ભૂમિકા તેમજ શૈક્ષણિક અને સ્પર્ધાત્મક પરીક્ષા તૈયારીમાં વિદ્યાર્થીઓને મદદરૂપ થવા અંગે વિસ્તૃત માહિતી આપી. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ આવા કાર્યક્રમોના વિદ્યાર્થીઓની શૈક્ષણિક તૈયારીમાં મહત્વ પર પ્રકાશ પાડયો. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પ્રેરણાદાયી ભાષણ આપીને વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે આગામી યુથ ફેસ્ટિવલ વિશે માહિતી પણ આપી, જેમાં શૈક્ષણિક અને સક્રિય ભાગીદારી પ્રોત્સાહિત કરવા માટેની પ્રર્વત્તિઓ અને થીમ્સનુ વર્ણન કર્યુ. સત્રનું સમાપન ડૉ. માનસી મહેતા, UG-CBCના ડેપ્યુટી સંયોજક દ્વારા આભાર વ્યકત કરીને કરવામાં આવ્યું.















## બાયોટેકનોલોજી વિભાગની વિદ્યાર્થીનીની રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં સિદ્ધિ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગના સેમેસ્ટર–૧ની વિદ્યાર્થીની મિષ્ટી શુકલાને તેમની શાનદાર સફળતા બદલ અભિનંદન વ્યકત કરે છે. તા. ૩ થી ૭ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન ડીપીએસ, ભોપાલ, અમદાવાદમાં આયોજિત ગુજરાત સ્ટેટ રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં તેમણે ઉપલી ૧૭ કેટેગરીમાં રિલે ઈવેન્ટમાં રજત પદક જીત્યો હતો. તેમની આ ઉત્તમ પ્રદર્શનને કારણે તેઓનું તા. ૩ થી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન મૈસૂરમાં યોજાનાર રોલર સ્કેટિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત નેશનલ ચેમ્પિયનશિપ માટે પસંદગી થયેલ છે. મિષ્ટી શુકલાની આ અદ્ભુત સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવારે તેઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## Department of Gujarati

### 'શ્રણવન્તુ' વ્યાખ્યાન શ્રેણીનું ચોથું વ્યાખ્યાન





ગુજરાત વિભાગ, દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે શરૂ કરવામાં આવેલ 'શ્રૃણ્વન્તુ' વ્યાખ્યાન શ્રેણીનું ચોથું વ્યાખ્યાન યોજાયું હતું. 'ધ્વનિઘટક' વિષય પર વાત કરવા પ્રિ. ડૉ. હસિત મહેતા (સુરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ) પધાર્યા હતા. ધ્વનિના સ્થાનભેદે આવતો બદલાવ વિગતે સમજાવ્યા પછી 'રૂપ'નો અર્થ અને રૂપ આપનાર ઘટકોની સમજ સ્પષ્ટ કરી હતી. ભાષાવિજ્ઞાન જેવા શાસ્ત્રીય વિષયને વિવિધ ઉદાહરણો દ્વારા ધ્વનિઘટકથી રૂપઘટક વિશેની વાત પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને બોર્ડવર્કથી સમજાવી. સમાન્તરે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરતા જઈને ઇન્ટરએક્ટિવ પદ્ધતિએ વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને સંતોષવાનું કાર્ય કર્યું હતું.

આ શ્રેણીના સંયોજક ડૉ. નરેશ શુકલએ વ્યાખ્યાનને અંતે ભાષાવિજ્ઞાનને સમજવામાં પાયારૂપ અંગો એવાં ધ્વનિઘટક અને રૂપઘટકની વાત કરવા સાથે વકતાના વ્યાખ્યાનને વધાવ્યું હતું. આ પ્રસંગે વિભાગના અધ્યાપકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યમાં ઉપસ્થિત રહ્યા હતાં. ડૉ. આરતી પાંચાલે કાર્યક્રમનું સંચાલન કર્યું અને આભારવિધિ ડૉ. હેતલ ચૌધરી દ્વારા કરવામાં આવી.

### ફિલ્મ એપ્રિશિયેશન (ફિલ્મ–ગુઝારીશ)

ગુજરાતી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે દર શનિવારે યોજવામાં આવતા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો પૈકી તા. ૩૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ફિલ્મ એપ્રિશિયેશનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૪૭ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમનો આરંભ વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ ફિલ્મ જોવાની કળા વિશે વિગતે વાત કરી સાહિત્ય અને ફિલ્મનો સંબંધ કેવી રીતે સંકળાયેલો છે તેની વાત કર્યા પછી ફિલ્મ જોવાની કળા વિશે વાત કરી. જેમાં ફિલ્મની સ્ક્રિપ્ટ, ફિલ્મના સંવાદો, ફિલ્મના પાત્રો અને એના સંવાદો વિશે કઈ રીતે ફિલ્મને ધ્યાનથી જોવી–તેની સમજૂતી આપી. ત્યારબાદ ગુજારીશ ફિલ્મમાં જે સૌથી મોટા વિશેષ છે તે એના પાત્રોની માનસિકતા પર કરવામાં આવેલ ફોકસ ધ્યાનમાં લેવા જણાવ્યું. ખાસ કરીને તૈયાર કરવામાં આવેલ કોશ્ચ્યુમ, વિશાળ સેટ, સૂક્ષ્મ સંવેદનાઓની બારીક ગૂંથણી અને અનુરૂપ એવા કલર્સવાળા બેકગ્રાઉન્ડથી દાખવવામાં આવેલ સર્જકતાને ખાસ ધ્યાનથી જોવાનો પ્રયત્ન કરવા જણાવ્યું ફિલ્મ એ માત્ર વાર્તા નથી, એ માત્ર પ્રદર્શન નથી. એથીએ વિશેષ સર્જકીય દૃષ્ટિકોણ, સાંકેતિક રીતે કહેવાતી કથામાંથી ઉભરતાં માનવમૂલ્યો અને સંવેદનોને કઈ કઈ પદ્ધતિથી ઘૂંટવામાં આવે છે તેની વાત કરી.

ફિલ્મના અંતે વિદ્યાર્થીઓ વચ્ચે સમુહ ચર્ચા સત્ર યોજાયું. વિદ્યાર્થીઓએ પોતાને આ ફિલ્મમાં ગમેલી બાબતો, એના સંવાદો, સિચ્યુએશન, એક એક ફ્રેમમાં ગૂંથાતું કથાનક અને ફિલ્મના અંત વિશે વિગતે સંવાદ કર્યા. આ આખેય કાર્યક્રમ વિદ્યાર્થીઓની અને સંયોજક અધ્યાપકોની સઘન ચર્ચાઓને કારણે રસપ્રદ રહ્યો હતો. સ્વાભાવિક રીતે જ ફિલ્મ માત્ર જોઈ નાંખવાને બદલે એના વિશે વિચારણા કરીને એની વિશેષતાાઓ અને મર્યાદાઓને સમજવાથી આપણી ભાવકદૃષ્ટિ પાકટ બને છે તેનો અનુભવ વિદ્યાર્થીઓએ જાતે કર્યો. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે ઉત્તેજનાપૂર્ણ અને જ્ઞાનસભર રહેવા પામ્યો.





## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

#### સંવિધાન દિવસની ઉજવણી



તા. ૨૬/૧૧/૨૦૨૪ને મંગળવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'સંવિધાન દિવસ' નિમિત્તે NSSના સ્વયંસેવકો/સ્વયંસેવિકાઓએ સંવિધાન વિશે વિદ્યાર્થીઓની માહિતી આપી તેમના હકો અને ફરજોથી માહિતગાર કર્યા હતા અને વિદ્યાર્થીઓએ ફરજોનું પાલન કરવા માટેની પ્રતિજ્ઞા લીધી હતી. કૉલેજના ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.

#### ટીચર–પેરેન્ટ્સ મિટિંગનું આયોજન



તા. ૨૩/૧૦/૨૦૨૪ને શનિવારના રોજ સાંજે ૪:૪૫ કલાકે જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'ટીચર–પેરેન્ટ્સ મિટિંગ'નું આયોજન કરવામાં આવ્યું હતુ. મિટિંગની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. નુપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. મિટિંગમાં આવેલા તમામ વાલીશ્રીઓનું આચાર્યશ્રી તથા શિક્ષકોએ પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલ એ. દેસાઈએ કૉલેજમાં ચાલતી પ્રવૃતિઓથી વાલીશ્રીઓને માહિતગાર કર્યા હતા તથા કૉલેજના વિકાસ માટે વાલીઓ પાસે જરૂરી અભિપ્રાયો માગ્યા હતા. પ્રા. છાયાંબેન નાયકે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. રાજ ડુમસીયા દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે સૌ સમૂહ રાષ્ટ્રગાન કરી છૂટા પડયા હતા. આ ટીચર પેરેન્ટ્સ મિટિંગમાં કુલ ૩૫ વિદ્યાર્થીઓના પેરેન્ટ્સ અને ૧૦ જેટલા પ્રાધ્યાપકો હાજર રહ્યાં હતાં.

### પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

#### રક્ષાબંધન પર્વની ઉજવણી

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત અમરોલી સેલ્ફ ફાયનાન્સ કૉલેજમાં તા. ૧૬ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ભાઈ બહેનના પવિત્ર પર્વની ઉજવણીના ભાગરૂપે અમરોલી પોલીસ સ્ટેશનના જવાનો સાથે રક્ષાબંધનની આનંદભેર ઉજવણી થઈ. જેમાં ૧૨ NSSની અને ૧૨ NCCની વિદ્યાર્થિની મળીને કુલ ૨૪ વિદ્યાર્થીની બહેનોએ જવાનો સાથે રક્ષાબંધન ઉજવણી કરી. અમરોલી પોલીસ સ્ટેશન તથા સર વેલેન્સ વિભાગના કર્મચારીઓને રાખડી બાંધી અને બદલામાં પોલીસ કર્મીઓએ પણ બહેનોની રક્ષા કરવાના વચન આપ્યા અને કોઈ પણ સમસ્યા હોય તો કેવી રીતે, કયાં શું કરવું? એ વિશેની માહિતી પણ આપી.






## સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતી નિમિત્તે રાષ્ટ્રીય પ્રતિજ્ઞા કાર્યક્રમ




તા. ૩૧/૧૦/૨૦૨૪ના રોજ અમરોલી કૉલેજમાં 'લોખંડી પુરુષ' તથા 'રાષ્ટ્રીય એકતાના' પ્રતિક એવા સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય પ્રતિજ્ઞા વિદ્યાર્થીઓ પાસે લેવડાવવામાં આવી. આ કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદીપકુમાર લેન્કા તથા પ્રા. જ્યોતિકા ટેલર દ્વારા આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

## મહારક્તદાન શિબિર

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત અમરોલી ફાયનાન્સ કૉલેજમાં સુરત રક્તદાન કેન્દ્ર, એચ.ડી.એફ.સી. બેન્ક, ફેમિલી ફિઝિશિયન એસોસિએશન, સંતોષ વુમન કેર હોસ્પિટલ અને આઈ.વી.એફ.સેન્ટર, એલ.પી.સવાણી સંસ્કાર વેલી સ્કુલ અને અમરોલી પોલીસ સ્ટેશનના સહયોગ અને સંયુક્ત ઉપક્રમે તા. ૧૦/૯/૨૦૨૪ના રોજ મહારક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમંત્રિત મહેમાન તરીકે શ્રી મુકેશભાઈ દલાલ (સાંસદ સભ્ય), ડૉ. કિશોરસિંહ એન. ચાવડા (કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), જીવન ટ્રસ્ટના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ, અનુજભાઈ શાહ, જે.ઝેડ.શાહ આર્ટ્સ એન એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપલ ડૉ. સેજલબેન દેસાઈ અને., ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી, અમરોલી વિસ્તારના કોર્પોરેટરો શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, શ્રી અજીતભાઈ પટેલ, શ્રીમતી ગીતાબેન સોલંકી, સામાજિક અગ્રણી ભાવિનભાઈ પટેલ અને મુકેશભાઈ દેસાઈએ અમૂલ્ય હાજરી આપી હતી.

જ્યારે ડૉ. સતીશ પટેલ, શ્રી કિશોર માંગરોળીયા (લાયન્સ કલબ ઓફ સુરત), શ્રી જતીન વસી (HDFC બેન્ક), ડૉ.મહેન્દ્ર સોલંકી (ફેમિલી ફિઝિશિયન એસોસિએશન), શ્રી જે.બી.વનાર (અમરોલી પોલીસ સ્ટેશન), શ્રી હિરેન મહેતા, શ્રીધર કોન્ટ્રાકટર (લીમકા બુક ઓફ રેકોર્ડ), ડૉ. પારૂલ વડગામા (પ્રોફેસર એન્ડ હેડ જી.એસ.સી.), ડૉ. પારસ વરસાણી, શ્રી પ્રકાશચંદ્ર પટેલ (એન.એસ.એસ. ડાયરેકટર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), ડૉ. પ્રફુલભાઈ સિરોયા (પ્રેસિડેન્ટ લોક દૃષ્ટિ ચક્ષુ બેંક) તરફથી તમામ રક્તદાતાઓને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. રક્ત શિબિરમાં વિદ્યાર્થીઓ તથા કૉલેજના સ્ટાફ સભ્યો તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રક્તદાન કર્યું હતું. રક્તદાન શિબિરના અંતે કુલ ૩૦૮ જેટલી બોટલ રક્તદાન મળ્યું હતું. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી અને બી.સી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુક્લા, બી.કોમ. કૉ–ઓર્ડિનેટર ભરત બસરાણી, બીબીએ કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા, ડૉ. નિલેશ પટેલ, બી.સી.એ. વિન્ટર કૉ–ઓર્ડિનેટર વિરલ પોલીસવાલા, બીએચસી ડેટા સાયન્સ કૉ–ઓર્ડિનેટર પ્રોફેસર હિતેશ પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદીપ કુમાર લેનકા, પ્રોફેસર જ્યોતિકાબેન ટેલર તથા NSSના સ્વયંસેવકો તથા તમામ સ્ટાફના સહકારથી સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.







## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

## ભારતીય બંધારણ દિવસ



આપણા બંધારણને અપનાવવા ૭૫માં વર્ષ નિમિત્તે બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૪ના રોજ 'બંધારણ દિવસ' ભારતના બંધારણને અપનાવવાની યાદમાં

ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બંધારણની પ્રસ્તાવના પર વિદ્યાર્થીઓ પાસે શપથ લેવડાવી હતી અને સાથે સાથે તેમને બંધારણનું મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.ભાવેશ પચ્ચીગર અને પ્રા. પુજા વાઘેલા દ્વારા કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષા બી. રાણાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયો હતો.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### બંધારણ દિવસની ઉજવણી

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજ દ્વારા તા. ૨૬/૧૧/૨૦૨૪ના રોજ 'બંધારણ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે કૉલેજમાં બંધારણ દિવસ નિમિત્તે શપથ લેવડાવવામાં આવી જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા દ્વારા બંધારણ વિશે માહિતી આપવામાં આવી હતી તથા એન.એસ.એસ.ના પ્રોગ્રમ ઓફિસર ડૉ. રૂપેશ દવે દ્વારા આ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.



## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### Orientation Programme 1st B.H.M.S. 2024

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara arranged Orientation Programme for 1st BHMS students on 14/11/2024. Trustees of "Aruna Anil Vyara Pradesh Vikas Pratisthan; Shree Nikhil bhai Shah (Secretary), Dr. Ajay bhai Desai (Trustee ), Shree Sanjay bhai shah (Trustee), Shree Chirag bhai Kothari (Trustee ) were present in the event. All new students with their parents attended the event. Event was inaugurated with Saraswati Vandana and deep pragatya. Principal Dr. Jyoti Rao delivered welcome speech. Shree Nikhilbhai shah secretary of "Aruna Anil Vyara Pradesh Vikas Prtisthan"delivered speech. Dr. Ajay Desai briefed overall activities of the trust. Dr. Bhavin Modi introduced college & academic curriculum. Mr. Daxesh bhai shah briefed office administration and its functions. Dr. Swapnil khengar gave information regarding Kalidas hospital. Dr. Dhruni gavli gave information regarding Co-curricular activities and sports. Dr. Vaishali Chaudhari gave information regarding different committees of college and their function. Dr. Viral S. Gamit offered vote of thanks. The event was anchored by Dr. Dixita Upadhyay.

College arranged Tea and Lunch for all students, their parents and staff members.

The whole event was Co-ordinated by Dr. Dhruni Gavli & Activity Committee under the guidance of Principal Dr. Jyoti R. Rao.






### International Men's Day Celebration



On 20/11/24 C. N. Kothari Homoeopathic Medical College and Research Center celebrated International Men's Day.

Celebration inaugurated with Deep Pragatya. Welcome speech was delivered by Dr. Jyoti R. Rao. Dr P. R. Patel, Dr. Bhavin Modi, Dr. Pankaj Lathiya and Dr. Piyush Pandya shared their life

experiences. To mark the special occasion cake cutting ceremony was held, Male staff of college took part in the ceremony. As a token of appreciation for their contribution to society, male staff are honoured with gifts. The programme concluded with sweets and snacks.

The whole event was Co-ordinated by Dr. Dhruni Gavli & Activity Committee under the guidance of Principal Dr. Jyoti R. Rao.

## Poster Making Competition on occasion of Birth Anniversary of Lord Birsha Munda



On 23/11/2024 C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara ST Committee has organized a Poster Making Competition on the Birth Anniversary of Lord Birsha Munda to Celebrate National tribal Pride Day. As per circular received from Veer Narmad South Gujarat University, Surat ST students made different Poster based on Tribal Community. Dr. D. C. Gavli, Dr. V. M. Chaudhari, Dr. B. F. Chaudhari were Judges of the Competition. Winners were awarded with Certificates & Winning Prizes. All participants were also given certificate of participation. Even was successfully handled by ST committee under the guidance of Principal Dr. Jyoti Rao.

1st Winner – Krishna K. Patel – 3rd BHM

Consolation Prize from Judges

1st – Snehal Gamit - 3rd BHMS
2nd- Nikita Patel - 4th BHMS
3rd – Ishika Chaudhari - 3rd BHMS

## Report of Constitutional day Celebration

On 26th Nov 2024, C. N. Kothari Homoeopathic Medical College and Research Center Celebrated “Constitutional day”. Dr Lata Ningoo delivered Lecture aimed at fostering awareness and appreciation for the fundamental principles enshrined in the Indian Constitution. The event was organised to honour architects of the Constitution and to reinforce the values of democracy, equality and justice. The whole event was Co-ordinated by Dr. Dhruni Gavli & Activity Committee under the guidance of Principal Dr. Jyoti R. Rao.




## શ્રી રંગ નવચેતન મહિલા આટ્‌ર્સ કૉલેજ, વાલીયા.

### બંધારણ દિવસની ઉજવણી

શ્રી રંગ નવચેતન મહિલા આટ્‌ર્સ કૉલેજ, વાલીયા ખાતેતા. તા. ૨૨/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંકઃ એન.એસ.એસ./૨૪૬૭૧/૨૦૨૪ અનુસાર તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમનાં ભાગરૂપે કૉલેજની ૧૮૫ વિદ્યાર્થીઓ દ્વારા શપથ લેવામાં આવ્યા. તેમજ બંધારણીય મૂલ્યોનું જતન કરવું તથા તેને પ્રોત્સાહિત કરવા માટે પહેલ કરવામાં આવી સમગ્ર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિનેશસિંહ જી. રાજ, ડૉ. શર્મિલાબેન એસ પટેલ તેમજ ડૉ. રોશનકુમાર એન. ગામીત દ્વારા ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન એન.ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. ડૉ. શર્મિલાબેન એસ. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા. ડૉ. દિલાવરખાન પઠાણ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.





## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-11-2024 to 30-11-2024

| Detail | Description | Nov.-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 322 | |
| | Internet Lab User | | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 2 | |
| | UG/PG Students | 1662 | |
| | Research Scholars | 1 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 2 | |
| | Online User | - | |
| | Total | | 1989 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| November-2024 | 379 | 288 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનારઃ ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2024 | 09 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2024 | 09 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | November-2024 | 09 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in